## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૩૯ /૨૦૧૮**

**તા. ૩૦/૧૦/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ગુરુકુળ વિસ્તારમાં આવેલ માનવમંદિર થી સ્વામીનારાયણ ગુરુકુળ સુધીના રસ્તા પર તા.૨૨/૨/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :**

અમદાવાદ શહેરમાં ગુરુકુળ વિસ્તારમાં આવેલ માનવમંદિર થી સ્વામીનારાયણ ગુરુકુળ સુધીના વચ્ચેના ભાગમાં પીલ્લર નંબર ૧૧૭ થી ૧૨૩ સુધી મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી શરુ કરવામાં આવનાર હોય જેથી ઉપરોક્ત સમગ્ર રોડ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર છે. જેથી ફક્ત સ્થાનિક સોસાયટીમાં રહેતા નાગરિકો તથા સ્થાનિક ધંધો કરતા વેપારીશ્રીઓ જ આ રસ્તા ઉપરથી અવર-જવર કરી શકશે. તે સિવાય જાહેરજનતાની આ રોડ ઉપરથી અવર-જવર કરવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**વૈકલ્પિક રૂટ :**

- હેલ્મેટ ચાર રસ્તાથી ગુરુકુળ તરફ જવા માટે માનવ મંદિર ત્રણ રસ્તાથી (R3 મોલ) જમણી તરફ વળી સીધા મેમનગર ગ્રામ પંચાયત સરદાર પટેલના સ્ટેચ્યુથી ડાબી તરફ વળી સીધા જયશ્રી કુલબાઇ જોગણીમાતાના મંદીરથી સીધા વિવેકાનંદ સર્કલ (જલ સર્કલ) થી ડાબી તરફ વળી સુભાષચોક સર્કલથી ડાબી તરફ વળી મારુતી કોમ્પલેક્ષથી સીધા ગુરુકુળ ચાર રસ્તા તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૨/૨/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૧૦/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૩૦/૧૦/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.